# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩




### નડિયાદમાં એક મહિનાથી ખોરંભે ચઢેલા કામ મુદ્દે ધારાસભ્ય પંકજ દેસાઈની ઉચ્ચ અધિકારીઓ સાથે બંધ બારણે બેઠક યોજી

# નડિયાદમાં વરસાદી કાંસની કામગીરી 'રામભરોસે'

**ધારાસભ્યએ** પાલિકા ગજવી, પણ પ્રજાને રાહત મળવાના એંધાણ નથી

**ગટર લાઈન** અને પમ્પીંગ સ્ટેશન માટે આદેશ છતાં ચોમાસું મુશ્કેલ રહેશે





(પ્રતિનિધિ) નડિયાદ તા.૫

નડિયાદ મહાનગરપાલિકા વિસ્તારમાં છેલ્લા એક મહિનાથી વરસાદી કાંસના નવીનીકરણની કામગીરી ખોરંભે ચઢતા શહેરીજનો મુશ્કેલીમાં મુકાયા છે. આ ગંભીર પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સ્થાનિક ધારાસભ્ય પંકજ દેસાઈએ સીધા જ પાલિકા કચેરીની મુલાકાત લીધી હતી અને મેયર, કમિશનર સહિતના ઉચ્ચ અધિકારીઓ સાથે મહત્વની સમીક્ષા બેઠક યોજી હતી. જોકે, તંત્રની આ કવાયત છતાં ચાલુ ચોમાસામાં નડિયાદવાસીઓને પાણી ભરાવાની સમસ્યામાંથી મુક્તિ મળે તેવી શક્યતા નહીવત દેખાઈ રહી છે.

નડિયાદના ધારાસભ્ય પંકજ દેસાઈએ મનપા કચેરીમાં મેયર, કમિશનર, ડેપ્યુટી કમિશનર અને એન્જિનિયરિંગ વિભાગના અધિકારીઓ સાથે બંધ બારણે બેઠક યોજી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર, કામગીરીમાં થઈ રહેલી ઢીલાશ મુદ્દે ધારાસભ્યએ અધિકારીઓનો ઉધડો લીધો હતો અને વિકાસ કાર્યોની ગતિ વધારવા કડક સૂચના આપી હતી. વરસાદી કાંસની કામગીરી લંબાયા બાદ હવે આગળની રણનીતિ નક્કી કરવા માટે આ પરામર્શ કરવામાં આવ્યો હતો.

આ બેઠક દરમિયાન ધારાસભ્યએ શહેરમાં નવી ગટર લાઈન નાખવાની અને પમ્પીંગ સ્ટેશન ઊભું કરવાની કામગીરી માટે તાકીદે દસ્તાવેજી પ્રક્રિયા પૂર્ણ કરવા આદેશ આપ્યો છે. લાંબા સમયથી લટકી પડેલા આ પ્રોજેક્ટ્સને વહેલી તકે શરૂ કરી લોકોની હાલાકી ઓછી કરવા પર ભાર મૂકવામાં આવ્યો હતો.

મનપા તંત્ર અને ધારાસભ્ય વચ્ચે બેઠકોનો દોર ચાલ્યો હોવા છતાં, સ્થાનિક નાગરિકો માટે રાહતના કોઈ સમાચાર નથી. હાલ ચોમાસું જામ્યું છે ત્યારે વરસાદી કાંસની કામગીરી અધૂરી હોવાથી શહેરમાં પાણી ભરાવાની સમસ્યા ઠેરની ઠેર રહેવાની પૂરેપૂરી શક્યતા છે. નવીનીકરણના કામો અટવાયેલા હોવાથી અને વરસાદનું જોર વધવાની સંભાવના જોતા, આ સિઝનમાં કાંસનો પ્રશ્ન ઉકેલાય તેવું લાગતું નથી, જેના કારણે લોકોએ ભારે હાલાકી ભોગવવી પડશે.

### મુખ્ય હાઈલાઈટ્સ

**ધારાસભ્યની એન્ટ્રીઃ** પંકજ દેસાઈએ પાલિકા કચેરી પહોંચી સીધો મોરચો સંભાળ્યો.

**તાકીદના આદેશઃ** નવી ગટર લાઈન અને પમ્પીંગ સ્ટેશન માટે તાત્કાલિક પ્રક્રિયા શરૂ કરવા સૂચના.

**કડવી વાસ્તવિકતાઃ** ચોમાસામાં કાંસની સમસ્યા ઉકેલાવાની સંભાવના નહીવત, લોકોએ પાણીમાં રહેવા તૈયાર રહેવું પડશે.

### વહીવટી તંત્ર સામે સવાલો

**છેલ્લા ૧** મહિનાથી કાંસના નવીનીકરણનું કામ કેમ અટક્યું હતું?

**ચોમાસું માથે** હોવા છતાં ગટર લાઈન અને પમ્પીંગ સ્ટેશનની દસ્તાવેજી પ્રક્રિયા અત્યાર સુધી કેમ પૂર્ણ ન થઈ?

**ધારાસભ્યની** દરમિયાનગીરી બાદ શું કામગીરીમાં ખરેખર ગતિ આવશે કે માત્ર કાગળ પર જ આદેશો રહેશે?

---

# આણંદમાં વકિલના ઘરમાંથી તસ્કરો 1.77 લાખ ઉસેડી ગયાં

**પરિવાર** લગ્ન પ્રસંગમાં ગયો તે દરમિયાન તસ્કરો ત્રાટક્યાં

(પ્રતિનિધિ) આણંદ તા.૫

આણંદ શહેરના વ્યાયામ શાળા સામે આવેલા લેકવ્યુ હાઈટ્સના એક બંધ મકાનને નિશાન બનાવી અજ્ઞાત તસ્કરો સોનાના દાગીના અને રોકડ રકમ મળી કુલ રૂ.1.77 લાખની મત્તા ચોરી ગયા હતાં. આ અંગે આણંદ ટાઉન પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, આણંદ શહેરના લેકવ્યૂ હાઈટ્સમાં રહેતા અને વકિલાતનો વ્યવાસય કરતાં હિતેશ બાબુભાઈ તલાટી 25મી એપ્રિલના રોજ પરિવાર સાથે મોડાસા ખાતે લગ્ન પ્રસંગમાં ગયાં હતાં. તે દરમિયાન બપોરના સમયે તેમના પડોશી જાગૃતિબેને ફોન પર જાણ કરી હતી કે તેમના ઘરનો દરવાજો ખુલ્લો છે. આથી, હિતેશભાઈના પરિવારે વિડીયો કોલ દ્વારા પડોશી જાગૃતિબેન દ્વારા તપાસ કરાવતા ઘરમાં સામાન વેરવિખેર હોવાનું માલૂમ પડ્યું હતું.

આથી, હિતેશભાઈ પરિવાર સાથે તાત્કાલિક પરત ફર્યાં હતાં. તપાસ કરતાં ઘરના મુખ્ય દરવાજાનું તાળું ગાયબ હતું અને તસ્કરોએ કબાટના લોક તોડી અંદર રાખેલો આશરે 12 ગ્રામનો રોઝ ગોલ્ડ ડાયમંડ સેટ, એક 'ઓમ' સિમ્બોલ વાળું સોનાનું પેન્ડલ, તેમજ 10-10 ગ્રામના 6 સોનાના સિક્કા મળી કુલ રૂ. 1,77,500/- થી વધુની કિંમતના દાગીના અને રોકડની ચોરી કરી હોવાનું સામે આવ્યું હતું. આ સમગ્ર ચોરી મામલે આણંદ ટાઉન પોલીસે અજાણ્યા ચોર વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

---

### માતર-તારાપુર મુખ્ય માર્ગ પર વીજપોલ પડતા અંધારપટ છવાયો

# માતરમાં ડ્રેનેજ કામગીરી વચ્ચે રાત્રિના ચાર વીજપોલ ધરાશાયી

**વ્યસ્ત વિસ્તારમાં** દિવસના સમયે ઘટના બની હોત તો ભારે જાનહાનિની ભીતિ હતી



(પ્રતિનિધિ) માતર તા.૫

માતરમાં છેલ્લા ૨૫ દિવસથી માર્ગ અને મકાન વિભાગ દ્વારા રોડની બંને સાઈડ નવી ગટરલાઈન નાખવાની કામગીરી ચાલી રહી છે. આ કામગીરી દરમિયાન ગત રાત્રે ૨ વાગ્યાના સુમારે માતર કોર્ટથી ખોખા બજાર વચ્ચે અચાનક જ એકસાથે ૪ વીજપોલ ધરાશાયી થઈ રોડ પર પટકાયા હતા. આ ઘટનાને પગલે તાત્કાલિક ધોરણે સમગ્ર ગામમાં અંધારપટ છવાઈ ગયો હતો. રાત્રિનો સમય હોવાથી મોટી દુર્ઘટના ટળી છે, પરંતુ તંત્રની કામગીરી સામે સ્થાનિકોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે.

માતર-તારાપુર રોડ એ શહેરનો મુખ્ય માર્ગ છે, જ્યાં મોટી સંખ્યામાં શાળાના બાળકોની અવરજવર રહે છે. આ ઉપરાંત, ઘટનાસ્થળની નજીક સ્ટેટ બેન્ક અને અન્ય દુકાનો આવેલી હોવાથી દિવસ દરમિયાન અહીં ગ્રાહકોનો ભારે ધસારો હોય છે. ગ્રામજનોના મતે, જો આ વીજપોલ દિવસના સમયે પડ્યા હોત તો મોટી જાનહાનિ થઈ શકી હોત, કારણ કે પોલ જીવતા વીજ પ્રવાહ સાથે પડ્યા હતા. આ ઘટનાને પગલે માર્ગ અને મકાન વિભાગ તેમજ એમજીવીસીએલની કામગીરી અને સંકલન સામે ગંભીર પ્રશ્નો ઉભા થયા છે.

### તંત્રનો લુલો બચાવ અને અધિકારીઓની ચુપકીદી

માર્ગ અને મકાન વિભાગના જણાવ્યા અનુસાર, અગાઉ જ MGVCL ને જાણ કરી હતી કે વીજપોલ જૂના હોવાથી તેને ૨ મીટર અંદર ખસેડવા જરૂરી છે, પરંતુ વીજ કંપની દ્વારા માત્ર ૧ મીટર જેટલા જ પોલ ખસેડવામાં આવ્યા હતા.

---

# નડિયાદ બસ સ્ટેન્ડમાં વૃદ્ધના ખિસ્સામાંથી 42 હજારની ચોરી

**ડાકોર જતી** બસમાં ભીડનો લાભ લઈ ઉઠાંતરી કરતાં 2ને પકડી પાડ્યાં

(પ્રતિનિધિ) નડિયાદ, તા.૫

નડિયાદ બસ સ્ટેન્ડમાં ભીડનો લાભ લઈ ખિસ્સા કાપતા બે શખસને લોકલ ક્રાઈમ બ્રાંચે પકડી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

નડિયાદ એસટી બસ સ્ટેન્ડ પર મુસાફરોની ભીડનો લાભ લઈ ચોરી કરતી ગેંગ ફરી સક્રિય થઈ છે. ગત તા. 03/07/2026ના રોજ બનાસકાંઠા જિલ્લાના વાસણા ગામના 74 વર્ષીય વૃદ્ધ માસુકલાલ શનાભાઈ ધરૂ પ્લેટફોર્મ નંબર 11 પરથી ડાકોર જતી બસમાં ચઢી રહ્યા હતા, ત્યારે કોઈ અજાણ્યા શખ્સોએ તેમના પેન્ટના પાછળના ખિસ્સામાંથી 42,500ની રોકડ રકમ સેરવી લીધી હતી. વૃદ્ધે ડાકોરથી પરત ફર્યા બાદ તા. 04/07/2026ના રોજ નડિયાદ ટાઉન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

આ ગુનાની ગંભીરતા જોઈ ખેડા લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે બસ સ્ટેન્ડના સીસીટીવી ફૂટેજ તપાસ્યા હતા, જેમાં બે શખ્સોની હિલચાલ શંકાસ્પદ જણાઈ હતી. બાતમીદારોની ચોક્કસ માહિતીના આધારે પોલીસે નડિયાદ ખોડિયાર ગરનાળા પાસે વોચ ગોઠવી ચેતન રમણભાઈ વાઘરી અને પસાભાઈ કચરાભાઈ વાઘરીને ઝડપી પાડ્યા હતા. પોલીસે આરોપીઓની અંગઝડતી લેતા તેમની પાસેથી ચોરીના રૂપિયામાંથી 15,000 રોકડા મળી આવ્યા છે. હાલ પોલીસે બંને આરોપીઓની અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી છે.

---

# લુણાવાડામાં બેફામ ઝડપે આવતી ઈકો કારે બે મહિલાને હવામાં ફંગોળી

**મુસ્તુફા** મસ્જિદ પાસેની ઉષ્માનીય નગર સોસાયટીમાં અકસ્માત સર્જાયો



(પ્રતિનિધિ) લુણાવાડા તા.૫

લુણાવાડા શહેરમાંથી એક અત્યંત આઘાતજનક અને કાળજું ધ્રુજાવી દે તેવા અકસ્માતના સમાચાર સામે આવ્યા છે. શહેરની મુસ્તુફા મસ્જિદ નજીક આવેલી ઉષ્માનીય નગર સોસાયટીમાં પૂરપાટ ઝડપે આવતી એક ઈકો કારના ચાલકે રસ્તા પરથી પસાર થઈ રહેલી બે સ્થાનિક મહિલાઓને પાછળથી જોરદાર ટક્કર મારી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી.

મળતી માહિતી અનુસાર, ભોગ બનનાર બંને મહિલાઓ સોસાયટીના આંતરિક રસ્તા પરથી સામાન્ય રીતે પસાર થઈ રહી હતી. તે જ સમયે પાછળથી અતિશય પૂરપાટ ઝડપે અને ગફલતભરી રીતે હંકારાઈને આવેલી એક ઈકો કારે બ્રેક મારવાના બદલે સીધી જ બંને મહિલાઓને જોરદાર ટક્કર મારી હવામાં ફંગોળી દીધી હતી. આ અકસ્માત એટલો ભયાનક હતો કે મહિલાઓને શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી અને તેઓ લોહીલુહાણ થઈ ગઈ હતી.

આ અકસ્માતના પગલે સ્થાનિક લોકો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્ત મહિલાઓને તાત્કાલિક સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં દાખલ કરી હતી. આ ગમખ્વાર અકસ્માતની સમગ્ર ઘટના નજીકમાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ છે, જેના ફૂટેજ વાયરલ થતાં સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે. આ ઘટનાની જાણ થતાં જ લુણાવાડા પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે અને ત્યારબાદ હોસ્પિટલ ખાતે પહોંચ્યો હતો. પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે બેફામ કાર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી તેની અટકાયત કરવા ચક્રો ગતિમાન કર્યા છે. પોલીસે અકસ્માત અંગે કાર્યવાહી હાથ ધરી છે.

---

# નડિયાદ દારૂના દરોડા કેસમાં પકડાયેલી ત્રિપુટી જેલ હવાલે

**મુખ્ય સૂત્રધાર** ઇકબાલને ઝડપી પાડવા પોલીસના ચક્રો ગતિમાન

(પ્રતિનિધિ) નડિયાદ તા.૫

નડિયાદના માઈમંદિર વિસ્તારમાં સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા પાડવામાં આવેલા દારૂના દરોડાના કેસમાં ધરપકડ કરાયેલા ત્રણ આરોપીની પૂછપરછ પૂર્ણ થતા તેઓને જેલ હવાલે કરવામાં આવ્યા છે. આ ગુનામાં સંડોવાયેલો મુખ્ય સૂત્રધાર અને બૂટલેગર ઈકબાલ પઠાણ હજુ પોલીસ પકડથી દૂર હોવાથી તેને ઝડપી પાડવા તપાસ તેજ કરવામાં આવી છે.

ગાંધીનગર સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે માઈમંદિર પાસેના ઢાળ પર દરોડો પાડીને વેદ હોસ્પિટલના પાર્કિંગ સહિતના સ્થળોએથી 604 નંગ વિદેશી દારૂની બોટલો, બે વાહનો, રોકડ અને મોબાઈલ મળી કુલ રૂ. 3,82,293નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ મામલે પોલીસે કાળુ કાંગસીયા, દિલીપકુમાર મહીડા અને જાકીરખાન પઠાણની ધરપકડ કરી હતી. રોજના 400 રૂપિયાની મજૂરીએ દારૂ વેચતા હતા પોલીસ તપાસમાં ચોંકાવનારી વિગત સામે આવી હતી કે પકડાયેલા ત્રણેય શખ્સો મુખ્ય બૂટલેગર માટે માત્ર 400 રૂપિયાના દૈનિક વેતનથી દારૂ વેચવાનું કામ કરતા હતા. આ ત્રણેયના રિમાન્ડની મુદત પૂર્ણ થતા અદાલતે તેઓને જેલ હવાલે કરવાનો હુકમ કર્યો છે, જેના પગલે સ્થાનિક બૂટલેગરોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

આ નેટવર્કનો મુખ્ય સંચાલક ઈકબાલખાન અબ્બાસખાન પઠાણ દરોડા સમયે ફરાર થઈ ગયો હતો. જેની ધરપકડ માટે ચક્રોગતિમાન કરાયાં છે.

---

# ખાનપુરમાં મધ્યરાત્રિએ ૧૦૮ની ટીમે સફળ પ્રસુતિ કરાવી

**વડાગામ ૧૦૮ની** ટીમની જહેમતથી માતા અને નવજાત શિશુને મળ્યું નવજીવન



(પ્રતિનિધિ) ખાનપુર તા.૫

મહીસાગર જિલ્લાના ખાનપુર તાલુકાના ચણાસેરો ગામે આજે વહેલી સવારે ૧૦૮ ઈમરજન્સી સેવાની સતર્કતા અને સમયસૂચકતાને કારણે એક નવજાત શિશુ અને તેની માતાને નવજીવન મળ્યું છે. હોસ્પિટલ પહોંચવું જોખમી જણાતા વડાગામ ૧૦૮ની ટીમે સ્થળ પર જ સફળ પ્રસુતિ કરાવીને દેવદૂત સમાન ભૂમિકા ભજવી હતી.

ખાનપુર તાલુકાના ચણાસેરો ગામના નિશાળ ફળિયામાં રહેતા એક સગર્ભા મહિલાને આજે વહેલી સવારે ૦૩:૦૮ કલાકે અચાનક પ્રસુતિની તીવ્ર પીડા ઉપડી હતી. પરિસ્થિતિની ગંભીરતા જોઈ પરિવારજનોએ તુરંત ૧૦૮ ઈમરજન્સી સેવાનો સંપર્ક સાધ્યો હતો. વડાગામ સ્થિત ૧૦૮ની ટીમે મિનિટોમાં જ ઘટનાસ્થળે પહોંચી પરિસ્થિતિનું નિરીક્ષણ કર્યું હતું. સગર્ભાની હાલત અત્યંત નાજુક હોવાથી અને હોસ્પિટલ પહોંચવામાં જોખમ જણાતા ટીમે સ્થળ પર જ પ્રસુતિ કરાવવાનો મહત્વપૂર્ણ નિર્ણય લીધો હતો.

ઈમરજન્સી મેડીકલ ટેક્નિશિયન સુરેશ પંચાલ દ્વારા ઈમરજન્સી રિસ્પોન્સ સેન્ટરના ફિઝિશિયન ડોક્ટર કૃષ્ણા મેડમ સાથે ટેલિફોનિક સંપર્ક સાધવામાં આવ્યો હતો. ડોક્ટરના માર્ગદર્શન અને સંસ્થા દ્વારા મળેલી વિશેષ તાલીમનો ઉપયોગ કરી, EMT સુરેશ પંચાલ દ્વારા અત્યંત કાળજીપૂર્વક પ્રસુતિ કરાવવામાં આવી હતી. આ સફળ પ્રસુતિ બાદ માતાએ એક સ્વસ્થ નવજાત પુત્રને જન્મ આપ્યો હતો.

આ સફળ પ્રસુતિ બાદ માતા અને નવજાત બાળકને તાત્કાલિક વધુ સારવાર અને દેખરેખ માટે બાકોર ખાતે આવેલ સીએચસી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ગુજરાત સરકારના માતા અને બાળ મૃત્યુદર ઘટાડવાના મિશનને સાર્થક કરતી આ કામગીરી બદલ પરિવારજનોએ EMT સુરેશભાઈ પંચાલ, પાયલોટ મયુરભાઈ પટેલ અને સમગ્ર ૧૦૮ સેવાનો અંતઃપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.


**ભારતીય સ્ટેટ બેંક**

બામરોલી રોડ શાખા (૧૬૦૫૩)

બામરોલી રોડ, ગોધરા-૩૮૯૦૦૧ ફોન: ૦૨૬૭૨-૨૪૦૬૦૧

ઇ-મેલ: sbi.16053@sbi.co.in

**કબજા નોટિસ** [જુઓ નિયમ-૮ (૧)]

**(સ્થાવર મિલકત માટે)**

જે મુજબ, નીચે સહી કરનાર **ભારતીય સ્ટેટ બેંક** ના અધિકૃત અધિકારી છે, સિક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ અને સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) એક્ટ - ૫૪/૨૦૦૨ ના નિયમ-૯ સાથે વાંચતાં કલમ ૧૩ (૧૨) હેઠળ મળેલ સત્તાને અધિન રહી તારીખ **૦૧-૦૫-૨૦૨૬** ના રોજ બોરોઅર/સ **સર્વત્ ફોઇલ્સ લિમિટેડ (અગાઉ મે. સ્વરાજ એલ્યુમિનિયમ નામથી ઓળખાતી), ગેરન્ટર્સ (૧) શ્રી મોહમદ એઝાઝ યુસુફભાઇ શેખ, (૨) શ્રી ઇમ્તિયાઝભાઇ યુસુફભાઇ શેખ, (૩) શ્રી અબ્દુલકાદર ઇસ્માઇલભાઇ શેખ, (૪) શ્રી મોહમદ હુસેન આદમભાઇ શેખ, (૫) શ્રીમતી સીમાબાનુ મોહમદ એઝાઝ શેખ, (૬) શ્રી મોહમદ અદનાન આરીફભાઇ શેખ ને તારીખ ૩૦-૦૪-૨૦૨૬ ના રોજ ડિમાન્ડ નોટિસ પાઠવવામાં આવેલ અને નોટિસમાં નિર્દિષ્ટ રકમ રૂા. ૧૧,૬૨,૭૬,૮૬૪.૫૧ (રૂપિયા અગિયાર કરોડ, બાંસઠ લાખ, છોંતેર હજાર આઠસો ચોંસઠ અને પૈસા એકાવન પૂરા)** સુધીના બાકી નીકળે છે વત્તા વધારાનું વ્યાજ અને પ્રાસંગિક ખર્ચા ચૂકવી આપવા જણાવાયેલ. આપશ્રીને ઉપરોક્ત રકમ સહિત કોન્ટ્રાક્ટ દરે વધારાનું વ્યાજ, પ્રાસંગિક ખર્ચા, કોસ્ટ, ચાર્જિસ વગેરે વધારાના વ્યાજ, કોસ્ટ, ખર્ચા ઉપરોક્ત નોટિસ મળ્યા તારીખથી ૬૦ દિવસમાં પરત ચૂકવી આપવા જણાવાયેલ.

બોરોઅર આ રકમ પરત ચુકવવામાં નિષ્ફળ ગયેલ છે. આથી બોરોઅર, કાયદેસરના વારસદારો (જાણમાં હોય - જાણમાં ના હોય) કાયદેસરના પ્રતિનિધિઓ (જાણમાં હોય - જાણમાં ના હોય), ગેરન્ટર અને જાહેર જનતાને આ સાથે નોટિસ આપી જણાવાય છે કે નીચે સહી કરનાર દ્વારા નામદાર સીજેએમ કોર્ટ આદેશ નં. ૩૫૩૪/૨૦૨૬ મુજબ અહીં નીચે નિર્દિષ્ટ મિલકતનો, ઉપરોક્ત ધારાની કલમ ૧૩ (૪) હેઠળ, નિયમ-૯ સાથે વાંચતાં **૨ જુલાઇ, ૨૦૨૬** ના રોજ **કબજો** મેળવી લેવાયેલ છે.

બોરોઅર, કાયદેસરના વારસદારો (જાણમાં હોય - જાણમાં ના હોય) કાયદેસરના પ્રતિનિધિઓ (જાણમાં હોય - જાણમાં ના હોય), ગેરન્ટર અને જાહેર જનતાને આ સાથે સાવધાન કરવામાં આવે છે કે, આ પ્રોપર્ટી સામે કોઇ સોદો કરવો નહીં અને જો આ પ્રોપર્ટી સામે કોઈ સોદો કરાશે તો તે **ભારતીય સ્ટેટ બેંક, બામરોલી રોડ, ગોધરા શાખાને તારીખ ૩૦-૦૪-૨૦૨૬ ના રોજ રૂા. ૧૧,૬૨,૭૬,૮૬૪.૫૧ (રૂપિયા અગિયાર કરોડ, બાંસઠ લાખ, છોંતેર હજાર આઠસો ચોંસઠ અને પૈસા એકાવન પૂરા)** સામે બાકી નીકળતી રમક વત્તા વધારાનું વ્યાજ અને પ્રાસંગિક ખર્ચા, કોસ્ટ, ચાર્જિસ વગેરે ચૂકવણી તારીખ સુધીનું જમા કરાવવાનું રહેશે.

આમ, સમય રહેતાં ઉપરોક્ત એકટની કલમ ૧૩ ની પેટા કલમ (૮) ની જોગવાઇ મુજબ બોરોઅરનું સલામત અસ્કયામત છોડાવવા ધ્યાન દોરવામાં આવે છે.

**સ્થાવર/જંગમ મિલકતોનું વર્ણન**

**ભાગ-૧**

૧. તમામ પ્રકારની વર્તમાન અસ્કયામતો સહિત (વર્તમાન અને ભાવિ) સ્ટોક અને મળવાપાત્રનું હાઇપોથીકેશન.

૨. બેન્ક ધિરાણથી/ પેઢી દ્વારા ખરીદાયેલ સમગ્ર પ્લાન્ટ મશીનરી અને ઇક્વિપમેન્ટ્સ તેમજ બેન્ક ધિરાણથી સર્જાયેલ અસ્કયામતો સહિત બોજા રહિત પ્લાન્ટ અને મશીનરીનું હાઇપોથીકેશન.

**ભાગ-૨**

૩. સર્વે નં. ૨૨૪ ધરાવતી જમીન અને મકાનનો તમામ ભાગ અને હિસ્સો. જે રે.સ. નં. ૨૨૪, ખાતા નં. ૪૭૬૫, બાલાસિનોર પોલિટેકનિક કોલેજ પાસે, બાલાસિનોર, જિલ્લો - મહિસાગર-૩૮૮૨૫૫ ખાતે આવેલ છે. જેનું ક્ષેત્રફળ કુલ એરીયા ૭૮૯૧ ચો.મી. થાય છે. જે શ્રી મોહમદ અદનાન આરીફભાઇ શેખ (૩૮% હિસ્સો), શ્રી મોહમદ એઝાઝ યુસુફભાઇ શેખ (૩૮% હિસ્સો) અને શ્રી મોહમદ હુસેન આદમભાઇ શેખ (૨૪% હિસ્સો) ના નામે છે.

ચતુઃસીમા આ મુજબ છેઃ

પૂર્વઃ બાલાસિનોર - બૈદપ પબ્લિક રોડ અને રે.સ. નં. ૨૨૫

પશ્ચિમઃ રે.સ. નં. ૨૨૧-૧, ૨૨૧-૨, ૨૨૨ અને ૨૨૩ ધરાવતી કૃષિ જમીન

ઉત્તરઃ રે.સ. નં. ૨૨૫ ધરાવતી કૃષિ જમીન

દક્ષિણઃ બાલાસિનોર - બૈદપ પબ્લિક રોડ

ઉપરોક્ત મિલકતનો તા. ૦૨-૦૭-૨૦૨૬ ના રોજ સાંકેતિક કબજો મેળવી લેવાયેલ છે.

૪. રે.સ. નં. ૧૨૯૦/પી-૧, બ્લોક નં. ૧૨૯૦ ધરાવતી સ્થાવર મિલકતનો તમામ ભાગ અને હિસ્સો જે મોજે - વાંઘોલી, તા. ગલતેશ્વર, અમદાવાદ હાઇવે, જિ. ખેડા, ગુજરાત ખાતે આવેલ છે. જેનું ક્ષેત્રફળ ૬૭૭૮ ચો.મી. થાય છે અને શ્રી અબ્દુલકાદર ઇસ્માઇલભાઇ શેખના નામે છે.

ચતુઃસીમા આ મુજબ છેઃ

પૂર્વઃ ખુલ્લી જગ્યા, બ્લોક નં. ૧૩૧૧ અને ૧૩૧૨

પશ્ચિમ : બ્લોક - ૧૨૮૫, ૧૨૮૬, ૧૨૮૮, ૧૨૮૯, ૧૨૯૦ પૈકીની બાકી જમીન

ઉત્તરઃ હાઇવે (બ્લોક નં. ૧૨૮૦)

દક્ષિણઃ ઓપન બ્લોક નં. ૧૩૧૩

ઉપરોક્ત મિલકતનો તા. ૦૨-૦૭-૨૦૨૬ ના રોજ પ્રત્યક્ષ કબજો મેળવી લેવાયેલ છે.

તારીખ: ૦૨-૦૭-૨૦૨૬
સ્થળ: મહિસાગર (મિલકત-૩ માટે) અને ખેડા (મિલકત-૪ માટે)

સહી - અધિકૃત અધિકારી
ભારતીય સ્ટેટ બેંક